ગાંધીનગર સમાચાર

# મોડાસામાં ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસનો હલ્લાબોલ

## કોંગ્રેસ કાર્યકરોએ વર્તમાન સરકાર સામે સૂત્રોચ્ચાર કરી રેલી સ્વરૂપે પુરવઠા અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું

મોડાસા, તા. ૨૩

સમગ્ર ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા મોંઘવારીના મુદ્દે હલ્લાબોલ કરવામાં આવી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં પણ કોંગ્રેસે કઠોળ અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં તંત્રના અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કેન્દ્રની વર્તમાન સરકારે ચૂંટણી પ્રચાર દરમ્યાન 'અચ્છે દિન આયેંગે' 'સૌનો સાથ સૌનો વિકાસ' વિદેશી બેંકોમાં પડેલુ કાળુ ધન તથા મોંઘવારી વિરૂદ્ધ ગરીબ અને સામાન્ય પ્રજા માટે સુખાકારીના દિવસો આવશે તેવા દિવા સ્વપ્ન બતાવી વર્તમાન કેન્દ્રની ભાજપ સરકારને પ્રજાનો ખોબે ખોબા વોટ લઈ સત્તા સ્થાને



બિરાજમાન છે. દેશના વડાપ્રધાનના છેલ્લા દોઢ વર્ષના શાસનમાં આ બાબતે સદંતર નિષ્ફળ ગયા છે. દિન પ્રતિદિન કુદકે ને ભુસકે આ દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે. સામાન્ય વર્ગના લોકો માટે દાળ જેવી જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ એક સ્વપ્ન બની ગઈ છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ મોંઘી બનતા ગરીબની થાળીઓનો કોળીયો પણ છીનવાઈ જાય તેવી પરિસ્થિતિઓનું નિર્માણ થયું છે. બીજી તરફ વિદેશયાત્રામાં મસ્ત વડાપ્રધાનને અને સરકારને દેશના નાગરિકોની કોઈપણ જાતની ચિંતા નથી. મસ્તાના અપની મસ્તી મે ઓર આગ લગે બસ્તી મે એ પ્રકારનું સમગ્ર દેશનું વહીવટ તંત્ર ચાલી રહ્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિએ આજે અરવલ્લીમાં ભાજપ સરકારના વિરૂદ્ધમાં મોંઘવારી અને ભ્રષ્ટાચારને લઈ ધરણા કર્યા હતા અને જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ જિલ્લા પુરવઠા અધિકારીને આવેદનપત્ર આપી સખ્ત વિરોધ દર્શાવ્યો હતો.



## મોટી ચિચણો ગામે સોનાના ત્રિશુળની આરતી ઉતારાઈ

મોડાસા તાલુકાના મોટી ચિચણો ગામે નવરાત્રીના નવમા નોરતે માઈ ચોકમાં માતાજીના સોનાના ત્રિશુલના દર્શન કરવા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી. આ સોનાનું ત્રિશુલ આસપાસના વિસ્તારમાં આસ્થા અને શ્રદ્ધાનું અનેરૂ કેન્દ્ર બનેલુ છે. નવરાત્રીના આઠમ અને નોમના નોરતે આ ત્રિશુલની આરતી ઉતારવા માટે આજુબાજુથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. મોટી ચિચણો ગામના માઈ ચોકમાં નોમના નોરતે ૧૦૮ માઈભક્તોએ આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.



## અરવલ્લીમાં નવરાત્રીની રંગેચંગે ઉજવણી

અરવલ્લી જિલ્લામાં જગતજનની જગદંબા નવ સ્વરૂપની આરાધના પર્વે નવરાત્રીના નવમા નોરતે અરવલ્લી મહોત્સવમાં ખેલૈયાઓએ ધૂમ મચાવી નવ દિવસ સુધી સતત ડી.જે. અને સંગીત પાર્ટીઓના તાલે રમઝટ બોલાવી હતી. નવરાત્રીના ત્યૌહારમાં યુવાનોનો અને યુવતિઓનો થનગનાટ અને સતત ગરબા રમી મા આરાધ્ય શક્તિ જગદંબાનો ભક્તિભાવપૂર્વક અવનવા ટ્રેડીશનલ પોષાકમાં સજ્જ થઈ અને બાળકો સહિત વૃદ્ધોએ આગવી, અનોખી અદામાં ગરબે ઘૂમ્યા હતા. નવરાત્રી મહોત્સવના પૂર્ણાહૂતિ નવમા નોરતે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં યુવક-યુવતીઓએ વહેલી સવાર સુધી ગરબે ઘૂમી રમઝટ બોલાવી હતી.

## મોડાસામાં દશેરાની ઠેર ઠેર ઉત્સાહભેર ઉજવણી

મોડાસા, તા. ૨૩

અસત્ય પર સત્યનો વિજય એવા વિજયાદશમીની આજે ઠેર ઠેર ઉત્સાહપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. નવરાત્રી મહોત્સવમાં આદ્યશકિતની રંગે ચંગે ઉજવણી કર્યા બાદ દશેરા નિમિત્તે રાવણ દહન જેવા કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા તેમજ રાજપુતોએ શસ્ત્રપુજનો કર્યા હતા. દશેરાના ઉત્સાહને લઈ ગામડાઓમાં પણ રાવણ દહન દ્વારા આતિશબાજી કરવામાં આવી હતી અને રામલીલા સહિતના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં પ્રજાજનોએ દશેરાએ ફાફડા જલેબીની જયાફત ઉડાડી હતી. વહેલી સવારથી જ દુકાનો પર ફાફડા જલેબી લેવા માટે કતારો જોવા મળી હતી. નવ નવ દિવસ સુધી નવરાત્રીના ઉપવાસ કરી ઉપવાસ વ્રત કરી આજે વ્રતની પુર્ણાહુતિ કરી હતી.



## ભિલોડા તપોવન વિદ્યા મંદીરમાં નવરાત્રી નિમિત્તે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા તપોવન વિદ્યા મંદીરમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો.તપોવન વિદ્યા મંદીરમાં ભક્તિભાવ પુર્વક અંબે માંની આરતી ઉતારી પ્રસાદીની વહેંચણી કરી પ્રિયા મ્યુઝીક બેન્ડ એન્ડ પાર્ટી, ગાયક કલાકાર જશુભાઈ અસારી, ડી.જે.ના તાલે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તપોવન વિદ્યા મંદીર ટ્રસ્ટ ટ્રસ્ટી પ્રકાશભાઈ સડાત, પ્રશાંતભાઈ પાટડીયા, શૈક્ષણિક સ્ટાફ પરીવાર અને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓના માતા-પિતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તપોવન વિદ્યા મંદીરમાં વિદ્યાર્થીઓ ટ્રેડીશનલ ડ્રેસમાં સુસજ્જ થઈ આવ્યા હતા. ડી.જે.ના તાલે વિદ્યાર્થીઓ રાસ-ગરબાના કાર્યક્રમ દરમ્યાન ઝુમી ઉઠ્યા હતા.તપોવન વિદ્યા મંદીરમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે રાસ-ગરબાનો કાર્યક્રમ સફળ બનાવવા સ્ટાફ પરીવારે જહેમત ઉઠાવી હતી.

**કંપની સમાચાર**

## જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગ દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરતી કોન્કલેવનું આયોજન

આગામી ડીસેમ્બરમાં દેશભરમાંથી મહિલા ઉદ્યોગ સાહસિકો અમદાવાદમાં બે દિવસની 'વાયબ્રન્ટ નેશનલ બિઝનેસ વિમેન કોન્કલેવ'માં સામેલ થશે. જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગ દ્વારા આ કોન્કલેવ અંગે આજે એક પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેરના મા.મેયર શ્રીમતિ મિનાક્ષીબેન પટેલની હાજરીમાં જાહેરાત કરવામાં આવી છે કે મા.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'Powering Bussiness-Empowering Women'ની આ પહેલને સમર્થન આપ્યું છે અને જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગના ચેરપર્સન ગ્રીષ્મા ત્રિવેદીને સંબોધીને લખાયેલા પત્રમાં તેમની શુભચ્છાઓ વ્યક્ત કરી છે.

નેશનલ કોન્કલેવ અંગે વધુ માહિતી આપતાં જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગના ચેરપર્સન ગ્રીષ્મા ત્રિવેદીએ જણાવ્યું હતું કે "જીસીસીઆઈ બિઝનેસ વિમેન વીંગનો ઉદ્દેશ ગુજરાતની ૯ પ્રાદેશિક ચેમ્બર અને તેમની સાથે સંકળાયેલી મહિલા વીંગ તથા દેશની અન્ય લેડીઝ વીંગ સાથે સહયોગ કરીને મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્રેરણા, પ્રોત્સાહન અને ઉત્તેજન આપવાનો છે. દેશભરની મહિલા ઉદ્યોગ સાહસિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકારી વિભાગો વગેરે આ સમારંભમાં સામેલ થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કોન્કલેવ દ્વારા મહિલાલક્ષી ભાવનાને એક નવી જ ઉંચાઈ પ્રાપ્ત થશે અને કૌશલ્ય વિકાસ તથા સક્સેસ સ્ટોરીઝના સુભગ સમન્વય દ્વારા વિવિધ વિકલ્પો પ્રાપ્ત થશે."

વાયબ્રન્ટ બિઝનેસ વિમેન નેશનલ કોન્કલેવ દરમ્યાન એક પ્રદર્શન અને ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યના વિવિધ સ્થળોએથી તથા રાષ્ટ્રિય સ્તરેથી મહિલાઓ સામેલ થશે તેવી અપેક્ષા છે. આઈએમસી લેડીઝ વીંગ આ સમારંભનું પાર્ટનર ઓર્ગેનાઈઝેશન રહેશે અને કોન્કલેવમાં સક્રિયપણે ભાગ લેશે.

જીસીસીઆઈ બીડબલ્યુડબલ્યુ અંગે: જીસીસીઆઈની બિઝનેસ વિમેન વીંગની સ્થાપના ૧૯૮૫માં મહિલાઓના સામાજીક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક હિતો માટે કરવામાં આવી હતી. જીસીસીઆઈના કેટલાક ઉદ્દેશોમાં એક મૈત્રીપૂર્ણ બિઝનેસ કોમ્યુનિટીને પ્રોત્સાહિત કરવાનો છે અને તે દ્વારા મહિલાઓનો આર્થિક વિકાસ સાધીને ઉદ્યોગ સાહસિકોમાં સરકારના ભારતના બ્રાન્ડીંગ માટેની મેક ઈન ઈન્ડિયા ઝૂંબેશ માટે એક નવી માનસિકતા ઉભી કરવાનો છે.

## વાઘબકરીનું '૧.૫ કિલો લિમિટેડ એડિશન પેક' હવે ગ્રાહકોની પ્રામાણિકતાને બિરદાવવા ફરી આવી ગયું છે

તહેવારોની શરૂ થયેલી મોસમ સાથે વાઘબકરી ટી ગ્રુપ-ભારતની ઉજી સૌથી મોટી પેકેજડ ટી કંપની ખાસ 'લિમિટેડ એડિશન' ૧.૫ કિલો ફેસ્ટિવલ પેક સાથે ચાના રસીકો અને વિશેષ કરીને ગૃહિણીઓ માટે ખુશીથી મલકવાનું કારણ લઈ આવી છે. ચાની પ્રમુખ કંપની દ્વારા આ અનોખી પહેલ ગ્રાહકોને ખુશ કરવાના હેતુ સાથે એક પ્રકારની પરંપરા બની રહી છે, જે ગ્રાહકોની વિપુલ માંગને લીધે થોડાં સમય પુરતી જ રહે છે.




વાઘબકરી ચાનું પેક આકર્ષક બહુવિધ ઉપયોગ ધરાવતા કન્ટેનર સાથે મળે છે. જે ઉચ્ચ ગુણવત્તાના ફૂડ ગ્રેડ પેટ મટીરિયલમાંથી વાઘબકરી ટી ગ્રુપ માટે સવિશેષ બનાવવામાં આવ્યું છે અને તે એર ટાઈટ, ફ્રીઝરમાં ઉપયોગ કરી શકાય એવું હોવા સાથે તેનો આકાર કિચનના ખાનાઓમાં સમાય રહે એવો છે. જેનું મૂલ્ય રૂ. ૨૦૦ જેટલું છે. આ ફેસ્ટિવ પેક દર વર્ષે એક વાર રજુ કરવામાં આવે છે. આ 'લિમિટેડ એડિશન' પેક રજુ કરવા પાછળનું કારણ વફાદાર ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તાની ચા પુરી પાડવા સાથે તહેવારોમાં તેમને સાથે ખુશીઓમાં સામેલ થવાનું છે. આ અવસરે વાઘબકરી ટી ગ્રુપના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર અને ૪થી પેઢીના ઉદ્યમી શ્રી પરાગ દેસાઈએ કહ્યું, 'આ ઘણાં સમયથી ગ્રાહકોની માંગ હતી અને તહેવારોની મોસમને ધ્યાનમાં લઈ અમે ગ્રાહકોની વફાદારીને બિરદાવવાનો નિર્ણય કર્યો છે.



ભિલોડાના હાથમતી નદીકિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાના મંદીરે આસો સુદ નોમના દિવસે નવચંડી હવન યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, દબદબાભેર, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. આસો સુદ નોમના દિવસે યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે ૬:૦૦ વાગ્યાના સુમારે નવચંડી હવનમાં શ્રીફળ હોમી નવચંડી હવનની પર્ણાહૂતિ કરવામાં આવી હતી. દર્શનાર્થે ભારે માનવમેદની ઉમટી હતી. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. શ્રી મહાકાલી સેવા ટ્રસ્ટ ટ્રસ્ટી ભરતભાઈ ત્રિવેદી સહિત સેવાભાવી કાર્યકરો, ભિલોડા ગ્રામજનો દ્વારા નવચંડી હવનના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## વક્તાપુરમાં ગરબા દરમિયાન મશ્કરી કરવા બાબતે ઝઘડો થતાં સામસામી ફરિયાદ

હિંમતનગર, તા. ૨૩

તલોદ તાલુકાના વકતાપુર ગામે બુધવારે રાત્રે નવરાત્રિ દરમિયાન ગરબા ગાતી કેટલીક મહિલાઓની મશ્કરી કરવા બાબતે ઝઘડો થતાં તે ઝઘડો ધિંગાણામાં પરિણમ્યો હતો. જેમાં એક ઈસમને ઈજા થઈ હતી. ત્યારબાદ તલોદ પોલીસે બંને પક્ષોના મળી ૧૫ જણા વિરૂધ્ધ સામસામી ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે વકતાપુર ગામે બુધવારે નવરાત્રિની રાત્રે ગરબા રમતી કેટલીક મહિલાઓની મશ્કરી કરવા બાબતે રમણસિંહ કાળુસિંહ પરમારે ગામના જ નવ શખ્સોને ઠપકો આપ્યો હતો. જેથી ઉશ્કેરાયેલા નવ શખ્સોએ ધમકી આપી ગેરકાયદે મંડળી રચી હુમલો કર્યો હતો. જે અંગે રમણસિંહે નવ જણા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ ઘનશ્યામભાઈ નારણભાઈ પટેલે છ શખ્સો વિરૂધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતું કે આ છ શખ્સોએ મંગળવારે માતાજીના નૈવેધ વખતે ગાળો બોલતા હતા. જેથી તેમને ઠપકો આપ્યો હતો. જેથી છએ જણાએ તિક્ષ્ણ હથિયારો લઈ કાળાભાઈ પટેલ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગામમાં બનેલી ઘટનાને કારણે સોંપો પડી ગયો હતો. ત્યારબાદ પોલીસે બંને પક્ષોના મળી ૧૫ જણા વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચૂંટણી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નવેમ્બર ૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે રાજ્યની ૫૬ નગરપાલિકાઓ ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૦ તાલુકા પંચાયતો માટેની ચૂંટણી માટેનું જાહેરનામુ ૫-૧૧-૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાન દરમ્યાન દર બે કલાકે મતદાનના આંકડાઓ મળી રહે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત ઓનલાઈન વોટીંગ માટેની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે અને એક મોબાઈલ એપ પણ લોન્ચ કરવામાં આવનાર છે.

રાજ્યની ૬ મહાનગર પાલિકાની યોજાનારી ચૂંટણીમાં ૯૫૯૦૫૫૨ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

કુલ ૧૨૬૬૧ મતદાન મથકો પર ચૂંટણી યોજાશે. જ્યારે રાજ્યની ૫૬ નગરપાલિકાઓ અને ૩૧ જિલ્લા પંચાયત ૨૩૦ તાલુકા પંચાયતોની ચૂંટણી કુલ ૩૩૩૭૫ મતદાન મથકો પર યોજાશે અને ૨,૫૯,૬૦૫૬૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

રાજ્યની મહાપાલિકાઓમાં નવા સીમાંકન પ્રમાણે ચૂંટણી યોજાશે જ્યારે દરેક વોર્ડમાં ૪ ઉમેદવારોજ રહેશે.

આગામી નવેમ્બરમાં મહાપાલિકા નગરપાલિકા અને જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીમાં કુલ ૨૨૯,૯૫૫ પોલીંગ સ્ટાફ ૮૧૩ ચૂંટણી અધિકારીઓ અને ૧૦૬૨ મદદનીશ ચૂંટણી અધિકારીઓ ચૂંટણી કામગીરીમાં ફરજ બજાવશે.

## ફૂલોની ખેતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લાના ખેડૂતોએ ફૂલોની ખેતી અપનાવી પોતાનો માલ અમદાવાદના જમાલપુર ફૂલ બજારમાં વેચીને વિવિધ કલરના ગલગોટાના ૨૦ કિલોના રૂ. ૮૦૦ થી રૂ. ૧૨૦૦ના ભાવે વેચાણ કરે છે.

ગાંધીનગર જિલ્લાના નયાબ બાગાયત અધિકારીશ્રી જે.આર. પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૫માં ૪૩૫ હેક્ટરમાં ગલગોટાનું વાવેતર થતું હતું તે વધીને આજે ૭૫૦ હેક્ટર વિસ્તારમાં ફૂલોની ખેતી ખેડૂતો કરે છે. હેક્ટર દિઠ મહત્તમ રૂ. ૨૨ હજારની સબસીડીનો લાભ પણ ખેડૂતો મેળવે છે. વર્ષ ૨૦૧૪-૧૫માં કુલ ૩૪૧ સામાન્ય ખેડૂતોને રૂ. ૨૭ લાખ અને ૧૫ જેટલા અનુસુચિત જાતિના ખેડૂતોને રૂ. ૧.૩૨ લાખની સબસીડી રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવી છે. ફૂલોની ખેતીમાં ખેડૂતો હેક્ટર દિઠ ખર્ચ બાદ કરતાં અંદાજે રૂ. ૭૦ હજારનો નફો મેળવે છે.

ગાંધીનગર જિલ્લામાં ગુલાબ, બીલી, ગલગોટા, મોગરો અને જરબેરા જેવા વિવિધ ફૂલોની ખેતીમાં દહેગામ તાલુકો ૪૮૮ હેક્ટરના વાવેતર દ્વારા ૪,૭૨૬ મેટ્રીક ટન ફૂલોના ઉત્પાદન સાથે જિલ્લામાં મોખરે છે. જ્યારે ગાંધીનગર તાલુકાના ખેડૂતો ૨૪૦ હેક્ટરમાં ફૂલોના વાવેતર દ્વારા ૨૩૦૦ મેટ્રીક ટન ફૂલોનું ઉત્પાદન કરે છે. જ્યારે કલો-૬૪ અને માણસા તાલુકામાં ૬૨ હેક્ટર વિસ્તારમાં ખેડૂતો દ્વારા ફૂલોની ખેતી થાય છે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ ફૂલોની જાતોનું કુલ ઉત્પાદન વર્ષ ૨૦૦૫-૦૬માં ૩૮૩૯ મેટ્રીક ટન હતું તે વધીને ૨૦૧૪-૧૫માં ૬૮૫૪ મેટ્રીકટન થયું છે. ગલગોટાનું હેક્ટરે ૯.૭૫ મેટ્રીકટન ઉત્પાદકતા છે. જ્યારે મોગરો-ગુલાબ અને લીલીની હેક્ટર દીઠ ઉત્પાદકતા ૮.૫૦ થી ૯ મેટ્રીકટન થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફૂલોનું વાવેતર ઓગષ્ટ-સપ્ટેમ્બર માસમાં થાય છે. ફૂલોની વીણી ખેડૂતો ૧૫ થી ૨૦ વખત લે છે. અને ઓક્ટોબરથી જાન્યુઆરી માસ સુધી વધુ ફૂલો એકત્ર કરીને ફૂલોની પીક સીઝનમાં વેચાણ કરી મહત્તમ પોષણક્ષમ ભાવો મેળવે છે.

## સર્વે કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મલ્ટી પરપઝ હેલ્થ વર્કર દ્વારા આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. એક વર્કર દ્વારા રોજના ત્રીસ ઘરનો સર્વે કરવાનું હાલના તબક્કે નિયત કરવામાં આવ્યું છે. આ માટેની સંપૂર્ણ તૈયારીઓ તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

આ માટે રાજ્યના વિવિધ ઝોન વાર મલ્ટીપરપઝ હેલ્થ વર્કરોને તેમજ સુપરવાઈઝરોને તાલિમ પણ આપવામાં આવી છે. આ માટેના ખાસ વર્કશોપ વિભાગ દ્વારા આયોજીત કરાયા હતા.

રાજ્યમાં આરોગ્ય તંત્ર દ્વારા કુપોષણ મુક્તિ અભિયાન પછી હવે રાજ્યમાં પ્રવર્તતા વિવિધ રોગોને લઈ હાઉસ ટુ હાઉસ સર્વે હાથ ધરવાનું મહત્વાકાંક્ષી આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

દરમ્યાન આજે ગાંધીનગર ઝોનનો આવો વર્કશોપ મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં યોજાયો હતો. વર્કશોપના પ્રારંભ પૂર્વે જ મલ્ટી પરપઝ હેલ્થ વર્કરો દ્વારા ફિક્સ પગાર તેમજ તેમના અન્ય પડતર પ્રશ્નોને લઈ ભારે હોબાળો થયો હતો.

વિભાગીય નિયામક ડૉ. દિનકર રાવલે તેમના પ્રશ્નો ઉચ્ચકક્ષાએ રજુ કરી તેના ઝડપી ઉકેલ માટે બધાજ પ્રયત્નો કરવાની ખાત્રી આપતાં મામલો શાંત પડ્યો હતો.

## નોટીસ અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોપડે બાકીદારોની યાદી મોટી છે.

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતના મામલે બાકીદારો જેટલી જ ઉદાસીનતા તંત્ર તરફથી દાખવામાં આવે છે. પાણી ગટર વેરાની વસુલાત માટે દર વર્ષે તંત્ર દ્વારા યાદી તૈયાર કરી વેરાની વસુલાત કરવામાં આવે છે. બીલની વહેંચણી બાદ વેરા વસુલાત માટે તંત્ર દ્વારા વેરાની ઉઘરાણી માટે કાઉન્ટર બનાવી ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ આ વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ કોઈ નોંધપાત્ર વસુલાત ન થઈ શકતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. તંત્રના ચોપડે બાકીદારોની યાદી તૈયાર થતા પણ જાણે અડધુ વર્ષ નિકળી જાય છે. આ વર્ષે પણ વેરા વસુલાતની ઝુંબેશ બાદ માત્ર ૪૦ ટકા જ વેરો વસુલવામાં આવ્યો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે તંત્રના ચોપડે જુની ઉઘરાણી બાકી હોવાથી વેરા વસુલાતના મામલે લાખો રૂપિયાનુ જુનુ માંગણુ પણ ઉભુ છે. આવા સંજોગોમાં વેરાની બાકી વસુલાત માટે ૪ હજાર જેટલા બાકીદારોને તંત્ર દ્વારા નોટીસ આપવાનુ શરૂ કરી દેવામાં આવ્યુ છે. ત્યારે પાણી ગટર વેરાની અસરકારક વસુલાત માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ મનાઈ રહયુ છે.

## શિયાળાનું આગમન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૯.૫ ડીગ્રી નોંધાતા શહેરમાં શિયાળાનુ આગમન થઈ ગયુ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો.

વરસાદી વાદળો દુર હટયા બાદ ભાદરવો તપતા વાતાવરણમાં ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. ભાદરવાની અંગ દઝાડતી ગરમીએ નગરજનોને બેબાકળા કરી દીધા હતા. જયારે આસોની અજવાળી રાતના દિવસોમાં પણ ગરમીનુ જોર યથાવત રહેતા શહેરીજનો આકરી ગરમી અનુભવી રહયા હતા.નવરાત દરમિયાન પણ ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળ્યો હતો. પરંતુ નવરાત બાદ વાતાવરણમાં અચાનક જ નાટયાત્મક પલ્ટો જોવા મળી રહયો છે. અચાનક જ ન્યુનત્તમ તાપમાનમાં ગિરાવટ આવી છે. અલબત્ત લઘુત્તમ તાપમાન નીચુ જતા વહેલી સવારે અને રાતે નગરજનો ઠંડીનો અહેસાસ કરી રહયા છે. જયારે એક જ દિવસમાં જ લઘુત્તમ તાપમાન ૫ ડીગ્રી નીચુ ઉતરી જતા ગઈકાલે અને આજે પણ વાતાવરણમાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૬ ડી ગ્રી રહયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીમાં ૫ ડી ગ્રી નીચુ ઉતરી ૧૯.૫ સુધી પહોંચી ગયુ હતુ. જેના પરિણામે નગરજનોએ શિયાળાની ગુલાબી ઠંડી અનુભવી હતી. સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. મૌસમનો મિજાજ બદલાયો છે. ત્યારે વાતવરણમાં બિલ્લી પગે ઠંડીનુ આગમન થઈ ગયુ છે. ગુલાબી ઠંડીના ચમકારાથી નગરજનોને ગરમીમાંથી છુટકારો મળ્યો છે. શિયાળાની શરૂઆત થતા આગામી દિવસોમાં ઠંડીનુ જોર વધે તેવી શક્યતા છે.